**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૩/૦૯/૨૦૧૮ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૭૮૦/૧૮**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એન"ડીવીજન નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ અમદાવાદ શહેર તથા આજુબાજુ વિસ્તારમાંથી ગુનાહીત પ્રવૃતી નેશ નાબુદ કરવાની ઝુબેશ હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન (૧) ફ.ગુ.ર.નં ૮૭/૧૮ ઇપીકો કલમ ૩૯૪,૩૯૭ વિ. તથા (૨) રીવરફન્ટ વેસ્ટ પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૧૪/૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨ વિ. મુજબના કામનો આરોપી સુરજ રામધારી રામભરોષે ગુપ્તા ઉ.વ.૧૯ ધધો-રિ.ડ્રા રહે-૪૩ પ્રયાગ પાર્ક સોસાયટી વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ શહેર તથા મુળચંદ બાબુભાઇની ચાલી રામનગર ભીલવાડા અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ રહે-ગામ-ભખેવર જી-ઇટાવા(ઉ.પ્ર) વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય તેને આમ કરતો અટકાવવા સારુ પો.ઇન્સ શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટેશન નાઓની રાહબરી અને સુચના હેઠળ (૧) હે.કો વસંતસિંહ સોમસિંહ બ.ન.૭૭૧૭ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ (૩) શ્રધ્ધાબેન ગાંડાભાઇ બ.ન.૧૦૮૩૦ નાઓએ આરોપી વિરૂધ્ધના ગુનાઓ તથા તે સલંગ્ન માહીતી એકત્રીત કરી તેની વિરુધ્ધ ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ (પાસા) ની કલમં ૩(૧) મુજબ અટકાયતમાં લેવા સારૂ દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી નાઓએ હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૮૫૫/૨૦૧૮ તા.૧૨/૦૯/૨૦૧૮ થી અટકાયતમાં લેવા સારુ હુકમ કરેલ હોય અને સદરી આરોપી જેથી સદરી અટકાયતીને ખાનગી બાતમી આધારે પો.ઇન્સ શ્રી આનંદનગર પો.સ્ટે નાઓની સુચનાથી (૧) પો.કો શૈલેષભાઇ મોહનભાઇ બ.ન.૪૫૫૯ (૨) પો.કો વિજયભાઇ મગનભાઇ બ.ન.૩૯૭૬ (૩) કિરીટભાઇ જેરામભાઇ બ.ન.૫૪૨૯ નાઓ પકડી લાવી પો.કમિ શ્રી ના હુકમ આધારે સદરીને તા.૧૨.૦૯.૧૮ ના રોજ પકડી કલાક ૨૧/૩૦ વાગે સદર હુકમની બજવણી કરી કેદ રહેવા સારુ ભુજ જેલ ખાતે મોકલી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૧૨/૦૯/૨૦૧૮

**રાણીપ પોલીસ સ્ટેશન દ્વારા મીલ્કત સબંધી ગુનેગારની પાસા હેઠળ અટકાયત કરવા બાબત**

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ ખાસ પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ અમદાવાદ શહેર તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ મીલ્કત સબંધી ગુનેગારોને શોધીકાઢવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોઇ જે સુચના આધારે અત્રેના પો.સ્ટે. વિસ્તારમાં મીલ્કત સબંધી (ઘરફોડ ચોરી) ગુનાની પ્રવુત્તી આચરતા ઇસમ નામે અશોકસિંગ ઉર્ફે કાણીયો ફીજીસિંગ જાતે લુહાર (શીખ-ચીખલીગર) ઉ.વ.૨૮ ધંધો તાળાચાવી રીપેરીંગ રહે, પંજાબી તાળાચાવી ની ચાલી ભાઇપુરા અમરાઇવાડી અમદાવાદ શહેર મુળ ગામ:- હોળમ્બીકલા તા.જી.દિલ્હી ની વિરુધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમીશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમાં લેવા ક્રમાંક/પીસીબી/ ડીટેઇન/પાસા/૭૦૮/૨૦૧૮ તા.૧૦/૦૮/૨૦૧૮ ના રોજ હુકમ કરતા સદરીને આજરોજ તારીખ:- ૧૨/૦૯/૨૦૧૮ ના કલાક ૧૫/૪૫ વાગ્યે પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.